Mavaal Same Juval <mavalsamejuval@gmail.com>

MSJ 5 -Shashikantbhai / શશીકાંતભાઈ

Mavaal Same Juval <mavalsamejuval@gmail.com> **Wed, May 25, 2011 at 10:37 PM**

To: realpatidar@googlegroups.com

25-May-2011

|| જય લક્ષ્મીનારાયણ || || Jay Laxminarayan ||

આપણા ભેગા સનાતની તરીકે ઓળખાવતા ભુજવાળા શશીકાંતભાઈની અસલિયત એક માવળ તરીકે લોકો સામે આવી ગઈ છે.

Shri Shashikantbhai of Bhuj, who till now was identifying himself as Sanatani, has got his true identiy exposed as a Maval.

તા. ૨૩-૦૫-૨૦૧૧ ના દિવ્ય ભાસ્કર છાપામાં ૧૩ માં પાને સતપંથ વાળાઓની જાહેર ખબર છે જેમાં શશીકાંત ભાઈનું નામ છે. આ ઈમૈલ એ છાપાનું પાનું જોડેલું છે, જેમાં તમે સતપંથવાળાઓની જાહેર ખબર જોઈ શકો છો.

Page 13 of Divya Bhaskar news paper dated 23-May-2011 contains advertisement by Satpanthis in which Shashikantbhai's name is appearing. I have attached the page 13 with this email for your ready reference.

એક સનાતની દ્વારા સતપંથીના (એટેલ ગેર હિંદુઓના) કાર્યક્રમમાં ભાગ લેવો કે તેમના કાર્યક્રમને ખુલ્લે આમ સમર્થન કરવું એ એક મવાળની નિશાની હોય છે અને આવા આચરણને હિંદુઓના આચરણ ન કહી શકાય. શશીકાંતભાઈએ આપણ સમજના નિયમ (આચરણ હિંદુઓના હોવા જોઈએ) નો ભંગ કર્યો છે.

A Sanatani openly attending function of Satpanthi (i.e., non-hindus) or supporting such function means he is a Maval and he has not "conducted" himself like a Hindu. He has surely violated the rules of our samaj (conduct should be like a hindu).

ઘણા લોકોને શશીકાંતભાઈ ઉપર એક મવાળ તરીકે શંકા હતી, પણ હવે તેવો [પુરા મવાળ છે, એ પુરવાર થઈ ગયું.

Many people suspected that Shashikantbhai was a Maval, but now it has been proved.

મવાળ સામે જુવાળ / Maval Same Juval.

2011-05-23 -Diya Bhaskar -Page 13 -D.pdf
670K

મવાળ

જમીન કૌભાંડો સામે પોલીસ ચૂપ ન રહે

જમીનકૌભાંડને લગતા કેસોમાં કાયદાના નિયમોનું ખોટું અર્થઘટન કરીને પોલીસ અધિકારી દ્વારા એફઆઇઆર દાખલ કરવામાં ચૂક થશે તો બોમ્બે પોલીસ એક્ટ, ૧૯૫૧ની કલમ ૧૪૫(૨) મુજબ સંબંધિત પોલીસ અધિકારીનો પણ ગુનો બને છે અને તેમને મદદ કરનારા તથા હુકમ કરનારા પણ આ કલમ હેઠળ શિ-ાાને પાત્ર ઠરતા હોવાની સ્પષ્ટ વાત રાજ્યના અધિક પોલીસ મહાનિર્દેશકે તાજેતરમાં જારી કરેલા પરિપત્રમાં કરી છે

તુષાર માહેશ્વરી . ગાંધીધામ

૨૦૦૩માં રાજ્ય સરકારના ગૃહખાતાના એક પરિપત્રમાં એવી સૂચના આપવામાં આવી હતી કે, સ્થાવર મિલકતો અંગેના અંગત ઝઘડામાં કોઈપણ પોલીસ કર્મચારી/ અધિકારીએ પોતાની કાયદેસરની ફરજો સિવાય સીધી કે આડકતરી રીતે કોઈપણ પ-ને તરફદારી કરી કાયદાનો દુરુપયોગ કરવો નહીં.

પોલીસવાળા જાતે જ જજ બનીને પૂર્વગ્રહના આધારે કોઈના કેસનો ફેંસલો ના કરી નાખે તેવા ઉમદા હેતુથી કદાચ જારી કરવામાં આવેલા આ પરિપત્રમાં સ્પષ્ટ સૂચના હતી કે, પોલીસ અધિકારી ગેરકાયદેની કામગીરી ન કરે. તેમ છતાં કેટલાક પોલીસ અમલદારો આ પરિપત્રનું બહાનું કાઢી જમીન કૌભાંડ અને ગેરકાયદે કબજા, દબાણ અંગેના કેસમાં એવું બહાનું બતાવી દેતા હતા કે, સરકારી પરિપત્ર મુજબ જમીનનો ઝઘડો સિવિલ મેટર છે અને તેમાં ફોજદારી ગુનો દાખલ થઈ શકે નહીં.

આ પ્રકારની અનેક ફરિયાદો ઉચ્ચક-ાા સુધી પહોંચતાં એડિશનલ ડાયરેકટર જનરલ ઓફ પોલીસ (લો એન્ડ ઓર્ડર) સુધીર સિંહાએ નં. જી-૧(કા.વ્ય.)/ટે.૨/સ્થાવર મિલકત/૫૮૧/૧૧થી એક ખાસ પરિપત્ર બહાર પાડયો છે અને તેમાં તાજેતરમાં તા. ૧૦/૫/૨૦૧૧ના નવા પરિપત્રથી સુધારા પણ જારી કરીને પોલીસ અધિકારીને ગુનો નોંધવા માટે સીધી સૂચના આપી છે.

સુધીર સિંહાએ આ પરિપત્રમાં જણાવ્યું છે કે, જમીન મિલકતના કેસોમાં અરજી તરીકે તપાસ કરવાથી ભ્રષ્ટાચાર અને બ્લેકમેઈલિંગનો મોટામાં મોટો અવકાશ રહે છે. એફ.આઈ.આર. દાખલ કરવાથી કેસ ડાયરીની નકલો તમામ સુપીરીયર ઓફિસરો પાસે જશે કે જેથી તેમના સુપરવિઝન અને મોનિટરિંગ સમયસર તથા અસરકારક રીતે થઈ શકશે. સરક-ારી વકીલ એન ન્યાયતંત્રનું પણ તપાસ પર સુપરવિઝન આવશે અને મીડિયાની નજર પણ તપાસની પ્રગતિ પર રહેશે. જેથી હાલના સંજોગોમાં જમીનના કેસોમાં એફ.આઈ.આર. દાખલ થવાથી ભ્રષ્ટાચાર અને બ્લેકમેઈલિંગનો અવકાશ ઘણો ઘટી જાય છે.

તેમના જણાવ્યા પ્રમાણે જમીનને લગતા કૌભાંડોમાં પોલીસ રેકર્ડ પર ગુના નોંધાતા ન હોઈ ટપોરીઓ, માફિયાઓ અને અંડરવર્લ્ડના લોકો માતબર નાણાં કમાય છે આવા સંજોગોમાં પોલીસ ફરિયાદ કોગ્નિઝેબલ ગુનો દાખલ કરવો જરૂરી છે.

ગેરકાયદે કબજો જમાવવાના ગુનામાં આરોપીની ધરપકડ થયા પછી તે જામીન પર છૂટે અને ગેરકાયદે કબજો ચાલુ રાખે તો નવો ગુનો બને છે. જામીનની તરીખ પછી જયારથી ગેરકાયદે કબજો ચાલુ થાય ત્યારથી નવી એફ.આઈ.આર. દાખલ કરી શકાય છે એવું પણ આ પરિપત્રમાં જણાવવામાં આવ્યું છે.



આવા કેસોમાં ભોગ બનનારાની એફ.આઇ.આર. પોલીસે દાખલ કરવી જોઇએ : એડીજીપી

- કોઇ પણ વ્યકિતની મિલકતમાં પૂર્વમંજૂરી વગર ગેરકાયદે પ્રવેશ કરી ગેરકાયદે દબાણ કરે કે ગેરકાયદે કબ્જો કરી પચાવી પાડે (જેમાં ભાડૂઆત ન હોય) તેવા કેસો ક્રિમિનલ સ્વરૂપના છે. આ સિવિલ મેટર નથી.
- જમીન-મિલકત અંગેના દસ્તાવેજોમાં ઉત્તરોત્તર દસ્તાવેજો પૈકી કોઇ દસ્તાવેજમાં ચેડા કરી, ફૂટ લેખન કરી, સુધારા વધારા કરી, ખોટી સહી કરી, ખોટા સિક્કા બનાવી સુધારા વધારા કરવામાં અથવા ખોટા બનાવટી બનાવી તેના ખરા તરીકે ઉપયોગ કરે, મિલકત પચાવી પાડે કે કોશિશ કરે એ ફોજદારી ગુનો છે અને સિવિલ મેટર નથી.
- સ્થાવર મિલકતના ખોટા કુલમુખત્યારનામા તૈયાર કરી ખોટા સાટાખત તેમજ ચૂકતે અવેજની પહોંચ બનાવી સિવિલ કોર્ટમાં દાવો દાખલ કરાવી કોગ્નિઝેબલ ગુનાને સિવિલ મેટરમાં ખપાવવા માગે છે, પણ આ સિવિલ મેટર નથી.
- ટોચ મર્યાદામાં ખેતીની જમીન આવતી હોય પણ સરકારે કબજો લીધો ન હોય તેવી જમીન બિનખેતી કરાવ્યા વગર પ્લોટિંગ કરી સૂચિત સોસાયટી બનાવી વેચાણ કર્યા બાદ કોર્પોરેશન કે સત્તામંડળની મંજૂરી વગર મકાન બનાવવામાં આવે છે જે સૂચિત સોસાયટી વર્ષો જૂની અને રહેણાક હોવા છતાં મૂળ ખાતેદાર તે જમીનનો દસ્તાવેજ માફિયાઓને કરી આપે છે, જેના આધારે સ્થળ તપાસ કર્યા વગર બિનખેતી કરાવી ફરીવાર સબપ્લોટિંગ કરાવી તેમાં રહેતા ઇસમો પાસેથી બળજબરીથી કે સમાધાનથી ખાલી કરાવવાની કોશિશ કરવી પણ ફોજદારી ગુનો બને છે.
- વિદેશમાં વસતા સ્થાવર મિલકતના માલિકના નામના ખોટા કુલમુખત્યારનામા તૈયાર કરી બોગસ દસ્તાવેજો બનાવવાના કેસમાં
- સ્થાવર મિલકતના માલિકે ઓછી સ્ટેમ્પ ડયૂટી ભરી હોય તેવા સંજોગોમાં સબ રજિસ્ટ્રારમાં પડેલા અસલ દસ્તાવેજને યેનકેન પ્રકારે મેળવી લઇને તેના પરથી ઉત્તરોત્તર ખોટા દસ્તાવેજ બનાવી તેમાં બનાવટી સહી સિક્કા કરવામાં આવે અને અનુ. નંબરની માહિતી સબ રજિસ્ટ્રારમાંથી મેળવી દસ્તાવેજ તૈયાર કરવામાં આવે.
- બીજી કોઇ વ્યકિતની જમીન બદદાનતથી હડપ કરવા સારું રેવેન્યુ કાયદા નીચે છટકબારીનો લાભ લઇ સિવિલ લિટિગેશનમાં ઇરાદો પાર પાડી શકાય તે રીતે જો કોઇ વ્યકિત જમીન માલિકની ખોટી સહીઓ કરીને પાવર ઓફ એટર્ની, સાટાખત, કબજા રસિદ કે દસ્તાવેજો એવા પ્રકારના વીલ અને વસિયતનામા બનાવટી ઉભા કરે કે જેનો ખરા તરીકે ઉપયોગ કર્યો હોય કે ન કર્યો હોય તેવા કિસ્સામાં ભલે સિવિલ રાહે કોર્ટ મેટર ચાલુ હોય, તો પણ ગુનો દાખલ કરવો જોઇએ.
- જે કોઇ વ્યકિત, જમીન માલિક કે તેના કોઇ વારસદાર પૈકી મરણ ગઇ હોય તે મર્હૂમના નામે ફાવતો ફાયદો ઉઠાવી લેવા બનાવટી સાટાખત, કબજા રસિદ કે વીલ કે કોઇ કરાર ઊભો કરીને માલિકીનો દાવો ઊભો કર્યો હોય જેમાં સિવીલ લવાદ ચાલુ હોય કે ન હોય તેવા કિસ્સામાં ગુનો દાખલ કરવો જોઇએ.
- જમીનો હડપ કરવા રેવન્યુ કાયદાના જાણકારો કે જેઓ આ બાબતે કાયદાના લુપોલ્સની જાણકારીના એટલા બધા માહિર થઇ ગયેલા હોય છે કે જમીન માલિક પોતાનું ધાર્યું ન કરે તો તે જમીન માલિક પરિચયમાં હોય કે ન હોય, સંપર્ક કરીને અથવા યેનકેન પ્રકારે તેનો ફોટો મેળવી લે, મોબાઇલથી ફોટા પાડી લે અને તે ફોટાના આભારે બીજી એક બેનામી બોગસ નામવાળી વ્યકિત ઊભી કરે, તેનાં રહેણાકના ઓળખના દસ્તાવેજો પણ બોગસ ઊભા કરે અને જમીન માલિકની જાણ બહાર તેના નામનો જમીન અંગેના વહીવટનો પાવર ઓફ એટર્ની ઓળખાણવાળા પબ્લિક નોટરી પાસે યેનકેન ઊભો કરાવે અને તે બોગસ પાવર ઓફ એટર્નીના આધારે જમીન માલિકની અજાણતામાં જમીનના સાચા પાવરદાર તરીકે બની બેસી, જમીન વેચી ફાવતા કરારો કરી, સબ રજિસ્ટ્રારમાં દસ્તાવેજો કરી આપી અવેજ મેળવી અને છૂમંતર થઇ જાય છે. રેવન્યુ દફતરે અને તલાટી પાસે ૭/૧૨માં નામફેર થવા હકીકત આવે ત્યારે સમગ્ર ગુનાખોરી ખુલ્લી થાય છે. આવી રીતના કિસ્સામાં ગુનો દાખલ થવો જોઇએ.
- કોઇ જમીન માલિક પોતાની જમીન અન્યને વેચે, બદલામાં અવેજ મેળવે, સાટાખત કરી આપે, પાવર ઓફ એટર્ની કરી આપે અથવા તો દસ્તવેજ કરી આપે પરંતુ મૂળ જમીન માલિકના નામથી ખરીદનારનું નામ રેવન્યુ રેકર્ડમાં ચઢાવવાની પ્રક્રિયા રેવન્યુ કાયદાની માયાજાળમાં વિલંબી થાય છે. એટલામાં કોઇ વારસદાર સદર જમીનમાં પોતાનો હક્ક ઊભો કરવા મામલતદાર કચેરીમાં ખરીદનારના નામે ચઢાવવા સામે વાંધો ઊભો કરી આરટીઆઇ દાવો કરે, જે દાખલ થાય જ અને ખરીદનાર રખડી પડે, એવામાં કિંમત વધી ગઇ હોય, એટલે બીજો કોઇ ખરીદનાર ઊભો થાય, રેવન્યુ રેકર્ડ પર માલિક તરીકે પ્રથમ ખરીદનાર જ હોય, તેના નામે ૭/૧૨માં જમીન હોય, તેને લાલચમાં નાખી મામૂલી પૈસા આપી બીજી વ્યકિત આ જમીન ખરીદવા માલિકને નાણાં આપી પ્રથમ વેચાણ પહેલાના સમય-તારીખમાં જરૂરી વેચાણ કરારો કબજા સાથેના સાચી સહીથી ઊભા કરે અને તે આધારે બસવો ખરીદનાર કાયદાની આંટીઘૂંટીનો ગેરફાયદો ઉઠાવી સિવિલ રાઇટ ઊભો કરે અને પોતે જમીન માલિકીનો દાવો ઊભો કરે, આથી પ્રથમ જમીન ખરીદનાર કે જે રાઇટ પર્ચેસર છે તે સિવિલ કાયદાની ચોગાઠમાં ભેરવાઇને પાયમાલ થઇ જાય. વધુમાં જમીન માલિક પૈસાની વધુ લાલચમાં પ્રથમ ખરીદનારની સામે પડી બીજા ખરીદનારની ફેવરમાં કોર્ટ-કચેરીમાં એફિડેવિટો-કરારો કરતો રહે કે જેમાં તેનું કાંઇ જવાનું નથી. આવા કિસ્સામાં પ્રથમ જમીન ખરીદનારની એફ.આઇ.આર. દાખલ થવી જોઇએ. કારણ કે, જમીન માલિક ભલે ૭/૧૨માં માલિકી હક્ક ધરાવતો હોય પણ તેણે અવેજ લઇ જમીન એકવાર વેચીને જરૂરી દસ્તાવેજો કરી આપ્યા છે. તેથી તેને પોતાની એક જ જમીન બીજીવાર વેચવાનો કોઇ અધિકાર જ નથી અને તેમ છતાં તે બીજા ખરીદનારની સાથે કાવતરાંમાં મળી જે દસ્તાવેજો તેના ફેવરમાં કરે છે તે જમીન માલિક અને તેમાં સામેલ બધા આઇપીસી ૪૬૫, ૪૬૭ વગેરે મુજબના ગુનાના કૃત્યો કરે છે. આવા કિસ્સામાં ગુનો દાખલ થવો જોઇએ.
- કેટલાક દસ્તાવેજોમાં નોટરી રૂબરૂ સહી કરી-કરાવડાવી દસ્તાવેજો નોટરાઇઝ કરવામાં આવતા હોય છે. આવા દસ્તાવેજો જ્યારે ફોર્જડ, બનાવટી કે ઊભા કરેલા હોવાની ફરિયાદ કરવામાં આવે છે, ત્યારે એવો બચાવ લેવામાં આવે છે કે, આ દસ્તાવેજ નોટરાઇઝ થયેલી હોય, કાયદેસરનો છે અને તેવા કારણસર અવા દસ્તાવેજ સંબંધે ફોજદારી કેસ થઇ શકતો નથી, પરંતુ જ્યારે ફરિયાદી દ્વારા ફરિયાદમાં એવો સ્પષ્ટ આ-ોપ હોય કે, દસ્તાવેજ ઊભો કરતી વખતે ઓળખ આપનાર એડવોકેટ કે નોટરી એ હકીકત જાણતા હોય કે, દસ્તાવેજ લખી આપનાર ખરેખર આ વ્યકિત નથી અને આ ખોટો દસ્તાવેજ ઊભો થઇ રહ્યો છે તેમ જાણતા હોવા છતાં ઇરાદાપૂર્વક અને ખોટા દસ્તાવેજ ઊભા કરવાની મદદગારી માટે એડવોકેટ ખોટી ઓળખાણ આપે છે અને તે હકીકત જાણતા હોવા છતાં નોટરી તે દસ્તાવેજ નોટરાઇઝ કરી આપે છે. આવા કેસમાં તપાસ કર્યા બાદ જો એવું જણાય આવે તો એડવોકેટ કે નોટરી પણ ગુનાની મદદગારીમાં સામેલ છે તો તેની સામે પણ કાયદેસર થઇ શકે છે.

જરૂરિયાતમંદોને આદિપુર ખાતે સાધન પૂરાં પડાયાં



ભાસ્કર ન્યૂઝ . ગાંધીધામ

આદિપુરની સામાજિક સંસ્થા માનવતા ગ્રૂપના સહયોગથી તાજેતરમાં જ નિરાધાર વ્યક્તિઓને સાધનોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આદિપુરના મનસુખભાઈ મજેઠિયા અને લીલાબેન મજેઠિયા પરિવારે તેમની સ્વર્ગીય પુત્રીને અંજલિ આપવાના હેતુથી માનવતા ગ્રૂપના માધ્યમથી આદિપુરની વિધવા બહેન ધનુબેન ગોવિંદભાઈ ફફલને સ્વરોજગારી માટે સિલાઈ મશીન અર્પણ કર્યું હતું, તો ગણેશનગરની વિકલાંગ વ્યક્તિ ભોજરાજ ભીમજી ફફલને ટ્રાઈસિકલ અર્પણ કરાઈ હતી. આ પ્રસંગે ગોવિંદ દનિચા, જખા આહિર, રાયશી દેવળિયા, અરૂણ બળગા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

વિમલ ટ્રોફી : ગાંધીધામની ટીમ ૧૨૩માં તંબુભેગી

ભાસ્કર ન્યૂઝ . ભાવનગર

સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન એસોસિએશન દ્વારા આયોજીત અંડર-૧૯ વિમલ ટ્રોફી આંતર જિલ્લા ક્રિકેટ ટુર્નામેન્ટમાં કચ્છ રૂરલ (ગાંધીધામ)ની ટીમ માત્ર ૧૨૩ રનમાં ઓલઆઉટ થઇ ગઇ હતી. અને ભાવનગર સિટી ટીમે પ્રથમ દિવસની રમત બંધ રહી ત્યારે ૧ વિકેટે ૨૦૬ રન નોંધાવ્યા હતા.

ભાવનગરના સર ભાવસિંહજી ક્રિકેટ કલબના મેદાન ખાતે આજથી શરૂ થયેલી ત્રિદિવસીય મેચમાં ગાંધીધામની ટીમે ટોસ જીતી પ્રથમે બેટિંગ કરતા ૩૮.૧ ઓવર્સમાં ૧૨૩ રને ઓલઆઉટ થઇ ગઇ હતી. પ્રશાંત ભવ્યના ૩૧ અને કરણ શેઠના ૨૩ રન મુખ્ય હતા. ભાવનગરના ફાસ્ટ બોલર આદિત્ય પરમારે ૪ તથા આકાશ અને કાર્તિક જાડેજાએ ૨-૨, શાંતનુ ગોહિલે ૧ વિકેટ ખેડવી હતી. ભાવનગર સિટી ટીમે ૪૦ ઓવર્સમાં ૧ વિકેટે ૨૦૬ રન નોંધાવ્યા હતા. જેમાં વિકેટ કીપર અને ઓપનિંગ બેટધર ચિરાગ સિસોદીયાના અણનમ ૧૦૮, કેયુર પરમારના ૬૧ રન અણનમ, ભૌતિક વેલાણીના ૨૫ રન મુખ્ય હતા. ગાંધીધામ ટીમના કોચ તરીકે જયદેવસિંહ ઝાલા ફરજ બજાવી રહ્યા છે.

કચ્છની યુવા ડિઝાઈનર લેકમે ફેશન વિક માટે સિલેકટ થઈ

ઓગસ્ટમાં મુંબઇ ખાતે યોજાનારા ફેશન શોમાં પોતાના ગારમેન્ટ રજૂ કરશે : કચ્છમાંથી પસંદગી પામનારી પ્રથમ વિદ્યાર્થિની

ભાસ્કર ન્યૂઝ . ગાંધીધામ

ફેશન જગતમાં પ્રતિષ્ઠિત લેકમે ઈન્ડિયા ફેશન વિકમાં આ વખતે કચ્છની એક યુવા ડિઝાઈનર પોતાના ડિઝાઈન કરેલાં વસ્ત્રોનું પ્રદર્શન કરતી જોવા મળશે. ગાંધીધામ સ્થિત આઈએનઆઈએફડી ખાતે અભ્યાસ કરતી હરમીત કૌર જાટ નામની વિદ્યાર્થિની ઓગસ્ટમાં મુંબઈ ખાતે યોજાનારા ફેશન શો માટે સિલેકટ થઈ છે.

ગાંધીધામ આઈએનઆઈએફડીના સેન્ટર ડાયરેકટર હરવિંદર ખોખરે જણાવ્યું હતું કે, લેકમે ફેશન વીક માટે સમગ્ર ભારતમાંથી ફેશન ડિઝાઈનના વિદ્યાર્થીઓ પોતપોતાની ડિઝાઈન્સ મોકલતા હોય છે. જેમાં ગાંધીધામની આઈએનઆઈએફડીની હરમીત કૌર લેકમે ફેશન વિકમાં જનરેશન નેક્સટ ડિઝાઈનર કેટેગરી માટે સિલેકટ કરાઈ છે.

કચ્છમાંથી લેકમે ફેશન વિક માટે પંસદગી પામનારી હરમીત પ્રથમ ડિઝાઈનર છે. હવે તે ઓગસ્ટ મહિનાની ૧૭થી ૨૧ તારીખ દરમિયાન મુંબઈ ખાતે યોજાનારા ફેશન શોમાં પોતાના ૪૦ જેટલાં ગારમેન્ટ રજૂ કરશે. તેમણે કહ્યું હતું કે, આ ફેશન શો માટે હજારોની સંખ્યામાં ડિઝાઈન્સ જતી હોય છે. તેમાથી ગુજરાત અને કચ્છની વિદ્યાર્થિનીને શોર્ટ સિસ્ટ કરાઈ છે, જે કચ્છ અને ગાંધીધામ માટે ગર્વની વાત છે.

યાયાવર પક્ષીઓની થીમ પર પસંદગી

લેકમે ફેશન વિકમાં પસંદગી પામનારી હરમીત કૌરે યાયાવર પક્ષીઓની થીમ પર પોતાના ગારમેન્ટ ડિઝાઇન કર્યા હતા. ખાસ કરીને શિયાળાની સીઝનમાં વિદેશથી કચ્છમાં આવતા પક્ષીઓ પર વિસ્તૃત સંશોધન કરી તમામ પક્ષીઓનો ગારમેન્ટની ડિઝાઇનમાં ઉપયોગ કર્યો હતો.

ટ્રાફિકનો ઉકેલ ઓવરબ્રિજ

તસવીર મીઠુ ચૌહાણ





ગાંધીધામનું ચુંગીનાકા રેલવે ફાટક વાહન ચાલકો માટે ત્રાસદાયક બની ગયું છે. આ ફાટક પરથી એટલી બધી માલગાડી પસાર થાય છે કે એક અંદાજ મુજબ દિવસના ૨૪ કલાકમાંથી પાંચથી સાત કલાક આ ફાટક બંધ જ રહે છે. થોડા થોડા સમયના અંતરે આ ફાટક બંધ થઇ જતું હોવાથી અહીંથી કોઇ સદનસીબ જ ફાટક ખુલ્લું હોયને અવાગમન કરી શકે છે. જ્યારે જ્યારે ફાટક બંધ થાય છે ત્યારે એક-બે કિલોમીટર લાંબી વાહનોની કતાર ખડી થઇ જાય છે. આ સમસ્યાનો ઉકેલ માત્ર ને માત્ર ઓવરબ્રિજ જ છે. સામખિયાળી પર ટોલ ઉઘરાવવાનું શરૂ કરી દેનારી એલ એન્ડ ટી કંપની ટોલ ભરનારા વાહન ચાલકો માટે સુવિધા આપવાનું કયારે શરૂ કરશે એ હાલે યક્ષ પ્રશ્ન છે. ફાટકની આવી જ હાલત રાજવી રિસોર્ટ પાસે પણ છે. ત્યાં તો ઓવરબ્રિજ બનાવવાનું કોણ વિચારશે એ પણ એક સવાલ છે.